dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

June-July 2011 | For private circulation only | Vol. 03 - Issue 60-62

• જે વિશ્વવિદ્યાલયના કેન્દ્રમાં વિદ્યાપુરુષો હશે, તે જ તેજસ્વી સંસ્થા બની શકશે. કેમ કે વિદ્યાનું વિતરણ કરનાર વિદ્યા-પુરુષ અને ગ્રહણ કરના વિદ્યા-અર્થી એ બેનો સંયોગ એ જ આદર્શ વિશ્વવિદ્યાલયની સાચી ભૂમિકા છે.

• ...અહીં વ્યકિતની અશાંતિ કદાચ વિષય બને છે. બુલંદ અભીપ્સાને જિવાતા વિવિધરંગી જીવનના સંસ્પર્શથી પહેલ પડે છે અને યથાર્થ-નર્યા યથાર્થ, કેવળ યથાર્થનું સ્વાગત કરવામાં એ પરિણમે છે. વિશ્વશાંતિ અને વ્યકિત-અશાંતિ એ બે વિરોધી વસ્તુ રહેતી નથી. બંને યથાર્થના સેતુથી સંધાય છે... મોકળે હૈયે, મોકળે ચિત્તે યથાર્થનો સ્વીકાર એ પોતે જ એક આધ્યાત્મિક વિજયની ભૂમિકા છે.

ઉમાશંકર જોશી

## દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

ઉમાશંકર જોશી એટલે ગુજરાતી ભાષાનું એવરેસ્ટ. ગુજરાતીઓ અને ગુજરાતી ભાષા ગૌરવ લઈ શકે એવું આ નામ. આ એક એવું નામ છે જેની આગળ કોઈ વિશેષણોની જરૂર નથી. સાબરકાંઠા જિલ્લાના ગિરિપ્રદેશના પ્રકૃતિસભર વાતાવરણમાં ભીલોડા પાસે આવેલા ખોબા જેવડા બામણા ગામે જન્મેલા-ઉછરેલા ઉમાશંકર શબ્દના સાચ્ચા સાધક. શબ્દના આ ઉપાસકે શબ્દની આંગળી પકડી તે પકડી. માત્ર ગુજરાતમાં જ નહી, ભારતીય ભાષાઓમાં પણ પ્રજ્ઞાવાન સર્જક તરીકે પોતાનું સ્થાન પ્રથમ પંકિતમાં કાયમ કર્યું. ઉમાશંકરે લખ્યું છે :

'ગામથી શબ્દ લઈને નીકળ્યો હતો. શબ્દ કયાં કયાં લઈ ગયો ? સત્યાગ્રહ છાવણીઓમાં, જેલોમાં, વિશ્વવિદ્યાલયમાં, સંસદમાં, દેશના મૂર્ધન્ય સાહિત્ય મંડળમાં, રવીન્દ્રનાથની વિશ્વભારતીમાં, વિદેશના સાંસ્કૃતિક સમાજોમાં, એટલે કે વિશાળ કાવ્યલોકમાં, માનવ હોવાના અપરંપાર આશ્ચર્યલોકમાં, તો કયારેક માનવમૂલ્યોના સમકાલીન સંઘર્ષોની ધાર પર... પ્રામાણિકપણે કહી શકું કે શબ્દનો વિસારો વેઠયો નથી.'

વિવેચક ભોળાભાઈ પટેલે લખ્યું છે : "કવિ ઉમાશંકર. પણ પછી આ 'કવિ' શબ્દનો એવો અર્થ વિસ્તાર કરવો પડે છે કે એમાં ઘણું બધું સમાવિષ્ટ થઈ જાય. 'કવિ' શબ્દના પ્રાચીનતમ અર્થમાં એ કવિ છે." ભારતીય સાહિત્ય સર્જકોમાં મૂઠી ઊંચેરું સ્થાન પ્રાપ્ત કરનાર ઉમાશંકરને શાંતિનિકેતન વિદ્યાપીઠના કુલપતિ થવાનું સન્માન પણ મળ્યું. શબ્દબ્રહ્મના યાત્રીએ શિક્ષણ વિશે જે વિચારો રજૂ કર્યા તે જોતાં એક દ્રષ્ટિસંપન્ન કેળવણી વિચારક તરીકેની છાપ ઉપસે છે. તેઓ પોતે એક શિક્ષક હતા એટલે શિક્ષણ સાથે સીધી રીતે જોડાયેલા હોવાથી એમના વિચારો વધારે મૂલ્યવાન બની રહે છે. કેળવણી શબ્દનો અર્થ તેમણે આ શબ્દમાં સમજાવ્યો છે :

"સાચો કેળવણીકાર કોઈ ચોકકસ ઉકેલો હાથમાં પકડાવતો નથી, પણ ઉકેલ શોધવાની પ્રક્રિયા માણસમાં કામ કરતી થાય તેમાં મદદરૂપ બને છે. અંગ્રેજી શબ્દ 'એડયુકેશન' પાછળના લેટીન મૂળ (e+duco : e, out - બહાર અને duco, to lead - દોરવું) નો સંસ્કૃત પર્યાય વિનય (વિ+ની, વિ વિશેષ અને ની દોરવું)નો અર્થ પણ માણસના ચૈતન્યને બહાર આણવું. - પ્રેરવું એવો જ છે. આ કેળવણીનો કીમિયો લગભગ માતા જેવા પ્રેમ અને ધીરજ જેનામાં હોય તેમને શિક્ષક અજમાવી શકે."

ઉમાશંકરભાઈએ 'વર્ગ અને સ્વર્ગ' લેખમાં લખ્યું છે તે અંકે કરવા જેવું છે. "એકના હૃદયમાં જલતો જ્ઞાનનો આતશ બીજાના હૃદયમાં પ્રગટે એ માટે વર્ગ મળે છે." તેમણે શિક્ષકને ચેતનાના માળી તરીકે ઓળખાવ્યા છે. તેઓ લખે છે :

"કેળવણી એ...શિક્ષક અને વિદ્યાર્થી - એક વ્યકિત અને બીજી વ્યકિત - વચ્ચે ચાલતી પ્રક્રિયા છે. માનવી માનવી વચ્ચેના સંબંધોની સંજીવની કેળવણીની આ પ્રક્રિયામાં રહેલી છે. માટે તો, મુખ્યત્વે, કેળવણી આપકેળવણી છે. જે પોતાને સતત શીખવતો રહે છે તે, વખતે, અન્યને એના શિક્ષણમાં મદદરૂપ થઈ શકે અને કેળવણી બે વ્યકિતઓ વચ્ચેની પ્રક્રિયા હોય તો પ્રેમ જેવું બીજું કોઈ તેનું માઘ્યમ ન હોઈ શકે..."

સર્જક દીર્ઘદ્રષ્ટા હોય છે. આજનું નહીં પણ આવતીકાલનું પણ એ ઝીણી નજરે જુએ છે. ઉમાશંકરભાઈએ લગભગ ૧૯૭૫ના સમયગાળામાં જેની આજે આપણે જોરશોરથી ચર્ચા કરીએ છીએ અને અમલ કરી રહયા છીએ તે સિમેસ્ટર પદ્ધતિનો ઉલ્લેખ કર્યો હતો ને આ પદ્ધતિ જરૂરી હોવાનું જણાવ્યું હતું : "જ્ઞાનની ખોજમાં વિદ્યાર્થીને ઓતપ્રોત થવાનું ન જેવું જ હોય છે. કેટલીક વિદ્યાશાખાઓમાં તો વિદ્યાર્થીનો કુલ પરિશ્રમ તે ન્યૂનતમ હોય છે. કેળવણી એ કોલેજે જવું અને તે પણ અવારનવાર-એથી ભાગ્યે જ વધુ હોય એવું જોવા મળે છે. આપણી પરીક્ષણ પધ્ધતિ જે ગોખણપટ્ટીને ઉત્તેજન આપે છે તેને એની સાથે લેવાદેવા છે. વિદ્યાર્થી અભ્યાસ અંગે પ્રતિબધ્ધ થાય તેમાં સિમેસ્ટર-પધ્ધતિ દાખલ કરવામાં આવે એ કદાચ મદદરૂપ થાય."

એક દ્રષ્ટિ સંપન્ન કેળવણી વિચારકના આ વિચારો આપણે સૌ આત્મસાત્ કરીએ અને શિક્ષણજગતને રળિયાત કરીએ.

૩૧ જુલાઈ, ૨૦૧૧

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## નિમણૂક



નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત દ્વારા રાજયની વિભિન્ન યુનિવર્સિટીઓના એકટ, સ્ટેચ્યુટ તથા ઓર્ડિનન્સને સાંપ્રત પરિસ્થિતિને અનુરૂપ બનાવવા 'ટાસ્ક' ગ્રુપની રચના થઈ છે. ટાસ્ક ગ્રુપના કો-ઓર્ડિનેટર તરીકે સરકારે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડૉ. પ્રજાપતિને નિયુકત કર્યા છે.

ટાસ્ક ગ્રુપ રાજયની વિવિધ યુનિવર્સિટીઓના વર્ષો જુના નિયમોને આજના સંદર્ભમાં મુલવી તેમાં ધરખમ સુધારા કરવાની કામગીરી કરશે. આ અંગે ડૉ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત લાંબા સમયથી યુનિવર્સિટીઓમાં વહીવટી એકરૂપતા માટે વિચારાધિન છે. શિક્ષણ ક્ષેત્રમાં 'ટાસ્ક ગ્રુપ ગવર્નન્સ, એકેડેમિક ફાયનાન્સિઅલ રિસોર્સ મેનેજમેન્ટ તથા નોલેજ ક્રિએશન ઈનોવેશન તથા કોલોબ્રેશન જેવા પાસાઓ ઉપર અભ્યાસ કરી સુધારો સુચવશે. વધુમાં ડૉ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે 'ટાસ્ક ગ્રુપની રચનામાં કુલપતિ ડૉ. કે.પી. જોષીપુરા કોઓર્ડિનેટર, આઈ.આઈ.એમ. અમદાવાદના માજી નિયામક બકુલ ધોળકીયા, જુનાગઢ એગ્રિકલ્ચર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.સી. પટેલ, ગુજરાત યુનિ.ના પૂર્વ કુલપતિ ડૉ. એ.યુ. પટેલ તથા દક્ષિણ ગુજરાતમાં વાપીની રોફેલ કોલેજના પ્રિ. ડૉ. હેમાલી દેસાઈ સહિત રાજકોટથી ડૉ. ભાનુબેન ધાંણક, ભાવનગરના પ્રિ. યશોધર જોષી તેમજ ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના ડૉ. રાઠોડનો સમાવેશ કરાયો છે.

ડૉ. પ્રજાપતિએ કહયું હતું કે 'ટાસ્ક ગૃપની કામગીરી જુદી જુદી યુનિવર્સિટીઓના એકટ, સ્ટેચ્યુટ તથા ઓર્ડિનન્સની વિસંગતતા દૂર કરવાની રહેશે. રાજયમાં ૧૯૪૯માં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી બાદ તબકકાવાર ૧૯૯૫માં સરદાર પટેલ યુનિ. સને ૧૯૬૦માં ગુજરાત યુનિવર્સિટી, ૧૯૬૭માં વીર નર્મદ તથા રાજકોટની સૌરાષ્ટ્ર યુનિ. તેમજ ૧૯૮૧માં ભાવનગર અને ૧૯૮૬માં પાટણ એમ અલગ-અલગ આઠ યુનિવર્સિટીઓ સ્થપાઈ હતી. આ યુનિવર્સિટીના કાયદાઓ સ્થાપના સમયની પરિસ્થિતિને અનુરૂપ હતા. પણ સમયમાં આજે ઘણો બદલાવ આવ્યો છે. એકટ, સ્ટેચ્યૂટ, ઓર્ડિ. જેવી બાબતો ઉપર પણ ટાસ્ક ગૃપ વિચાર કરશે.

## નિમણૂક : ઉપકુલપતિ



યુનિવર્સિટીના ઉપ કુલપતિ તરીકે શ્રી દક્ષેશ ઠાકરએ તા. ૧૬-૭-૨૦૧૧ના રોજ યુનિવર્સિટી સિન્ડિકેટના સભ્યશ્રીઓ, અધિકારીઓ, અનુસ્નાતક વિભાગના અધ્યક્ષશ્રીઓ, કર્મચારીઓ અને કોલેજોના આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં ચાર્જ સંભાળ્યો હતો.




સિન્ડિકેટ હોલમાં ડૉ. ઠાકરએ ઉપસ્થિત સૌકોઈને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીને દેશની નંબર વન યુનિવર્સિટી બનાવીશ.



આ પ્રસંગે કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિએ ડૉ. ઠાકરને આવકાર આપતાં હર્ષની લાગણી અનુભવતાં જણાવ્યું હતું કે, યુનિવર્સિટીમાં હવે સારી ટીમ બની છે. પરિણામે યુનિવર્સિટીનો વિકાસ ગતિ વધુ ઝડપી બનશે.



## વિદાય અને આવકાર



યુનિવર્સિટીના કુલપતિ તરીકે ઉપકુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરની નિમણૂંક થતાં તેમને આવકાર તથા કુલપતિશ્રી, પ્રોફે. બી.એ. પ્રજાપતિને વિદાય આપવાનો કાર્યક્રમ યુનિવર્સિટીના કન્વેશન હોલમાં તા. ૨૨-૭-૨૦૧૧ના સાંજના ૪.૦૦ કલાકે કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, યુનિવર્સિટી સત્તામંડળના સભ્યશ્રીઓ, વિવિધ દાતાઓ, સંતો, સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ અને કર્મચારીઓની વિશાળ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.



કાર્યક્રમની શરૂઆત શિક્ષણ વિભાગની વિદ્યાર્થિનીઓ શોભના યાદવ અને શીતલ મિસ્ત્રીએ પ્રાર્થનાથી કરી હતી.



કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતાએ વિદાય થતા કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિની દીર્ઘદ્રષ્ટિ અને કાર્યોની લાગણીસભર અને સાચા હૃદયથી પ્રશંસા કરી હતી અને નવનિયુકત કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરને આવકાર આપ્યો હતો.



પ્રા. જે.આર. મહેતાએ પ્રોફે. બી.એ. પ્રજાપતિના કાર્યોની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, સિકયુરિટિ કેબિનથી શરૂ કરીને પર્વમંચ સુધીના કુલ-૧૬ કાર્યો, જાન્યુઆરી ૨૦૦૯ થી 'દક્ષિણાયન'



વૃતપત્ર પુનઃ સજીવન, VNSGU Journal of Science and Technology, VNSGU Journal of Management and Administration, VNSGU Journal of Social Science and Languages નું પ્રકાશન, માનવ ચેતના ઉર્ધ્વારોહણ સપ્તાહની



ઉજવણી પ્રસંગે યુનિવર્સિટીના પૂર્વ કુલપતિશ્રી ડૉ. અશ્વિન કાપડીયાનું 'શ્રી અરવિંદ અને કેળવણી તથા મહાકાવ્ય' ઉપર તા. ૫-૧-૨૦૦૯ થી ૧૨-૧-૨૦૦૯ દરમ્યાન વ્યાખ્યાન, સ્વર્ણિમ દક્ષિણ



ગુજરાત યુવા શિબિરની શાનદાર ઉજવણી યુનિવર્સિટી ખાતે તા. ૧૬-૧-૦૯ થી ૧૮-૧-૦૯ દરમ્યાન યોજવામાં આવી, રસાયણશાસ્ત્ર વિભાગના નેતૃત્વ હેઠળ તા. ૬-૮ ફેબ્રુઆરી ૨૦૦૯ દરમ્યાન રાષ્ટ્રીય



કક્ષાના "ગ્રીન કેમીસ્ટ્રી" અધિવેશનનું આયોજન, તા. ૧૭-૧૮ માર્ચ ૨૦૦૯ દરમ્યાન યુનિવર્સિટી ખાતે ઈન્ટરનેશનલ લેવલની બોક્ષિંગ સ્પર્ધા,



રસાયણશાસ્ત્ર વિભાગને સ્પેશ્યલ આસિસ્ટન્સ પ્રોગ્રામ અંતર્ગત યુ.જી.સી. તરફથી ૩૯ લાખનું અનુદાન, રસાયણશાસ્ત્ર વિભાગને યુ.જી.સી. તરફથી DRS-Phase-Special Assistance Programme અંતર્ગત રૂા. ૨૬,૨૦,૦૦૦ અનુદાન, યુનિવર્સિટીના ઈતિહાસમાં સૌપ્રથમવાર યુ.જી.સી. નવી દિલ્હી દ્વારા ૧૧ મી પંચવર્ષીય



યોજના અંતર્ગત રૂા. ૧૪.૦૮ કરોડનું માતબર અનુદાન, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરના તા. ૨૫-૮-૨૦૦૯ના પત્રથી યુનિવર્સિટીમાં ગુજરાતી વિષયનો અનુસ્નાતક વિભાગ કરવા



જરૂરી શૈક્ષણિક/મહેકમ મંજુર, યુનિવર્સિટી ગ્રંથાલયમાં "આચાર્ય મહાપ્રજ્ઞ સાહિત્ય કોર્નર" તા. ૧૭-૯-૨૦૦૯ના રોજ શરૂ કરવામાં આવ્યું. જેમાં ૩૬૯ ગ્રંથો અને બે બુકકેશ (એક બુકકેશની કિંમત રૂા. ૧૭,૦૦૦) ભેટ સ્વરૂપે મેળવવામાં આવ્યા, યુનિવર્સિટી ગ્રંથાલયમાં



ગીતાપ્રેસ સાહિત્ય કોર્નરની ભાગવત-ભૂષણ શ્રી રમેશભાઈ ઓઝાના વરદ હસ્તે શરૂઆત, યુનિવર્સિટી સંલગ્ન રાષ્ટ્રીય સેવા યોજના સાથે સંકળાયેલ કોલેજોની વાર્ષિક ખાસ શિબિર 'સ્વર્ણિમ ગુજરાતની અસ્મિતા-યુવા શિબિર' તા. ૨૮-૧૦-૨૦૦૯ થી ૩-૧૧-૨૦૦૯



દરમ્યાન યુનિવર્સિટી પરિસરમાં અભૂતપૂર્વ સફળતા સાથે યોજાઈ, જેમાં ૧૪૨ પ્રોગ્રામ ઓફિસર્સ, ૨૪૧૬ સ્વયંસેવકો ઉપસ્થિત રહયા,



શિક્ષણ વિભાગમાં ૩-૧૦-૨૦૦૯ થી ૧૦-૧૦-૨૦૦૯ દરમ્યાન ગાંધી સપ્તાહનું આયોજન, તા. ૨૯-૧૧-૨૦૦૯ના રોજ મુખ્યમંત્રીશ્રી



નરેન્દ્રભાઈ મોદીએ (૧) ડે કેર એન્ડ બેસિક ફેસિલિટિસ ફોર વિમેન સેન્ટર (૨) એન્વાયરમેન્ટ એન્ડ ફાર્મસ્યૂટિકલ કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ



(૩) એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ બિલ્ડિંગના એક્સ્ટેશન ભવનનું ઉદ્‌ઘાટન કર્યું, તા. ૨૯-૧૧-૨૦૦૯ના રોજ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શ્રી સી.બી. પટેલ સ્ટેડીયમ એન્ડ ક્રિકેટ એકેડેમીનો





શિલાન્યાસ કર્યો, સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત યુનિવર્સિટીમાં સૌપ્રથમવાર વહીવટીય કાર્યક્ષમતા શિબિર તા. ૬-૧-૨૦૧૦ના રોજ યોજાઈ ગઈ, જેમાં શિક્ષણવિદ, પૂર્વ પ્રિન્સિપલ સેક્રેટરી શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહયા હતા, સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત યુનિવર્સિટી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી એરિયા કોલેજ આચાર્ય મંડળના સંયુકત ઉપક્રમે તા. ૧૬-૧૭ જાન્યુઆરી



૨૦૧૦ દરમ્યાન આચાર્ય ક્ષમતા સંવર્ધન શિબિર, પી.જી. મેડિકલ એન્ટરન્સ ટેસ્ટનું પરિણામ માત્ર ત્રણ કલાકમાં જાહેર, રાજય



સરકાર દ્વારા સુરત જિલ્લાનો માનવ વિકાસ અહેવાલ તૈયાર કરવા યુનિવર્સિટીને જણાવવામાં આવેલ, જેને તૈયાર કરવામાં આવેલ, યુનિવર્સિટી ખાતેનું સૌપ્રથમ ડિસ્ટન્સ એજયુકેશનનું ડૉ. બી.આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદના બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈન્ફરમેશન સાયન્સના અભ્યાસક્રમનું સ્ટડી સેન્ટર, માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ સાયન્સના વિદ્યાર્થીઓ માટે વર્ષોથી ૧૪ બેઠકો હતી, આ બેઠકોની સંખ્યા ૨૫ કરવામાં આવી,





યુનિવર્સિટીના નવસ્થાપિત કોમર્સ ભવનમાં એમ.કોમ.ઈંગ્લીસ મિડીયમની શરૂઆત, યુનિવર્સિટીના ઉપક્રમે અને શ્રીમતી સી.ડી.જોબાલીયા રોફેલ આર્ટસ એન્ડ શ્રીમતી આઈ.એસ.આર. અચ્છારીવાલા રોફેલ કોમર્સ કોલેજના યજમાનપદે તા. ૨૪-૭-૨૦૧૦ ના રોજ ચોઈઝ બેઈઝ ક્રેડીટ સીસ્ટમ અને સેમીસ્ટર અંગેની



કાર્યશિબિર, સ્વર્ણિમ ગુજરાત ઉજવણીના ભાગરૂપે યુનિવર્સિટી અને ગુજરાત રાજય શિક્ષણ ખાતું અને રાષ્ટ્રીય સેવા યોજના દિનની ઉજવણી તા. ૧૫-૧૬ ઓકટોબર-૨૦૧૦ દરમ્યાન કરવામા આવી, જેમાં ૧૩ યુનિવર્સિટીઓ, ૮ જિલ્લાના સ્વયંસેવકો મળી કુલ ૪૦૦ વ્યકિતઓ હાજર રહયા.



વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી બેડમિન્ટન (મેન-વુમેન) ટુર્નામેન્ટ ૨૦૧૦-૧૧ યોજાઈ ગઈ, સ્વર્ણિમ ગુજરાત અંતર્ગત તા. ૩૦-૧૦-૨૦૧૦ના રોજ એક કલાક સુધી યુનિવર્સિટી પરિવાર માટે વાચનશિબિરનું આયોજન, NAAC VISITનું સફળતાપૂર્વક સુકાન સંભાળીને યુનિવર્સિટીને રાજયમાં બીજા ક્રમાંકે મૂકી,





અતિથિ ભવનનું ઉદ્‌ઘાટન તા. ૧૭-૧૨-૨૦૧૦ના રોજ શિક્ષણમંત્રીશ્રી પ્રો. વસુબહેન ત્રિવેદીના હસ્તે, પર્વમંચનું ઉદ્‌ઘાટન, તા. ૧૭-૧૨-૨૦૧૦ના રોજ શિક્ષણમંત્રીશ્રી પ્રો. વસુબહેન ત્રિવેદીના



હસ્તે KCG પ્રેરિત અને યુનિવર્સિટી આયોજિત Mission Mode Implementation Training વિષયની કાર્યશિબિર તા. ૧૭-૧૮ ડિસેમ્બર ૨૦૧૦ દરમ્યાન યોજાઈ. જેનું ઉદ્‌ઘાટન શિક્ષણમંત્રીશ્રી પ્રો. વસુબહેન ત્રિવેદીના હસ્તે કરવામાં આવ્યું. યુનિવર્સિટી ગ્રાન્ટસ



કમિશનમાંથી ૧૧મી પંચવર્ષીય યોજના દરમ્યાન યુનિવર્સિટીને વિવિધ આધુનિક સુવિધાઓથી સજ્જ કરવા માટે વધારાનું રૂપિયા ૧ કરોડનું અનુદાન, સમગ્ર રાજયમાં સૌ-પ્રથમ વખત બી.એડ. પ્રવેશ પ્રક્રિયાને



ઓન લાઈન કરવામાં આવી, જી.એચ. ભકત મેનેજમેન્ટ એકેડેમી ભવનનું ઉદ્‌ઘાટન તા. ૨૧-૧-૨૦૧૦ના રોજ શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરા તથા વનમંત્રીશ્રી મંગુભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું. ભકત મેમોરીયલ ફાઉન્ડેશન તરફથી રૂા. ૧,૫૧,૦૦,૦૦૦નું દાન પ્રાપ્ત થયું. શ્રી કમલેશભાઈ પટેલ તરફથી શ્રી સી.બી. પટેલ




યુનિવર્સિટી પરિસરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું ક્રિકેટ સ્ટેડિયમ અને ક્રિકેટ એકેડેમીનું લોકાર્પણ તા. ૨૬-૨-૨૦૧૦ના રોજ મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવ્યું, શ્રી રાજુભાઈ ગીજુભાઈ પટેલ દ્વારા શ્રી ગીજુભાઈ છગનભાઈ પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ આર્કિટેકચર ભવન રૂા. ૧ કરોડ ૫૧ લાખના અંદાજિત ખર્ચથી તૈયાર થઈ રહયું છે,




ભુલાભાઈ વનમાળીદાસ પટેલ તરફથી એજયુકેશન વિભાગના પ્રાર્થના હોલ માટે રૂા. ૫૧ લાખનું અનુદાન, સ્વર્ણિમ ગુજરાત સપ્તધારા-દ્વિતીય મહોત્સવનું અને નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે તા. ૨૪-૧-૨૦૧૧ થી ૨૬-૧-૨૦૧૧





દરમ્યાન કરવામાં આવ્યું, પરીક્ષા તંત્રને ચેતનવંતુ બનાવ્યું, બી.બી.એ., બી.સી.એ. તથા બી.કોમ. અભ્યાસક્રમની સુરત શહેરની કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા સિંગલ વિન્ડોથી ૧૬ હજાર વિદ્યાર્થીઓને પારદર્શક પ્રવેશ, એમબીબીએસ પછી પી.જી. મેડિકલની પારદર્શક પરીક્ષા, પીએચ.ડી. પ્રવેશ, ૨૦૦૦ થી વધુ ઓડિટ વાંધાઓની પૂર્તતા પ્રોફે. પ્રજાપતિના કુશળ અને નીડર નેતૃત્વમાં કરવામાં આવી.







વિદાય થતા કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિ, નવનિયુક્ત કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, અ.સૌ. શારદાબેન પ્રજાપતિને પુષ્પગુચ્છ, શાલ અને મિમેન્ટો કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા દ્વારા




અર્પણ કરવામાં આવ્યાં હતાં. તદ્‌પરાંત ઉપસ્થિત મહેમાનો તથા યુનિવર્સિટી પરિવાર તરફથી પણ પુષ્પગુચ્છ, શાલ અને મિમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતાં. પ્રમુખશ્રી પ્રા. ડી.જે. વસાવડા, પ્રમુખશ્રી,





આચાર્ય ડૉ. જે.એમ. નાયકે પ્રસાંગોચિત ઉદ્‌બોધનમાં પ્રોફે. પ્રજાપતિના કાર્યોની સરાહના કરી હતી અને નવનિયુક્ત કુલપતિશ્રીને સહકાર આપવા જણાવ્યું હતું. આ પ્રસંગે એમ.પી.એ.




અનુસ્નાતક વિભાગના વડાશ્રી ડૉ. વેંકટરામને પ્રો. બી.એ. પ્રજાપતિ સાથે નેક મૂલ્યાંકન સમય દરમ્યાન સાથે કરેલી કામગીરીને બિરદાવી હતી. કેમીસ્ટ્રી અનુસ્નાતક વિભાગના પ્રો. કે.સી. પટેલએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં પ્રો. બી.એ. પ્રજાપતિના કાર્યોને બિરદાવીને શુભેચ્છાઓ આપી હતી અને નવનિયુક્ત કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરને શુભેચ્છાઓ આપી હતી. ડૉ. રેણુકાબેન ગર્ગએ કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિને શુભેચ્છાઓ આપી.




સિન્ડિકેટ સભ્યશ્રી દિનેશભાઈ દાસાએ કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિ સાથેના સંસ્મરણો વાગોળ્યા હતાં અને નવનિયુક્ત કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરને શુભેચ્છાઓ આપી હતી,



સિન્ડિકેટ સભ્યશ્રી હોશંગભાઈ મિરજા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહયા હતા અને તેમના ઉદ્‌બોધનમાં કુલપતિશ્રી પ્રો. બી.એ. પ્રજાપતિના સક્ષમ નેતૃત્વને બિરદાવીને નવનિયુક્ત કુલપતિશ્રી પ્રો. દક્ષેશ ઠાકરને શુભેચ્છાઓ આપી હતી.



શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભા, સુરતના અધ્યક્ષ શ્રી બાલચંદ બેતાલાએ કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવતા રાજસ્થાનથી આવેલા સંદેશાઓનું વાચન કર્યું હતું. આ પ્રસંગે શ્રી કાન્તિભાઈ શાહે પણ પ્રોફે. બી.એ. પ્રજાપતિની કામગીરીને બિરદાવી હતી.



કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિએ કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, યુનિવર્સિટીનાં વિવિધ સત્તામંડળો, વિવિધ દાતાઓ અને યુનિવર્સિટી પરિવારનો આભાર માનીને નવનિયુક્ત કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરને શુભેચ્છાઓ આપી હતી.



નવનિયુકત કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરે આ પ્રસંગે સૌના સહકારથી યુનિવર્સિટીને નંબર વન બનાવવા સંકલ્પ વ્યકત કર્યો હતો.



પોતાની આગવી શૈલી અને ટૂંકા પણ અર્થસભર શબ્દોથી સમગ્ર કાર્યક્રમનું ભાવપૂર્ણ સંચાલન ડૉ. કપિલદેવ શુકલએ કર્યું હતું.



લાગણીસભર કાર્યક્રમ પૂર્ણ થયા પછી ઉપસ્થિત સૌકોઈ ભોજન ગ્રહણ કરીને છૂટા પડયા હતા.

## નવનિયુકત કુલપતિ



નવનિયુકત કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરએ કુલસચિવશ્રી પ્રા. જે.આર મહેતા, સિન્ડિકેટ સભ્યો અને યુનિવર્સિટીના અધિકારીઓની ઉપસ્થિતિમાં તા. ૨૩-૭-૨૦૧૧ના રોજ કુલપતિ પદ ગ્રહણ કર્યું હતું.

## આપણા કુલપતિશ્રી

(૧) પુરૂ નામ : ઠાકર દક્ષેશકુમાર રસિકલાલ
(૨) જન્મતારીખ : ૦૧-૦૪-૧૯૬૫
(૩) શૈક્ષણિક લાયકાત :

- બી.એ. તૃતીય વર્ષ યુનિવર્સિટીમાં પ્રથમ (૭૨. ૮૬) ગોલ્ડમેડલ
- એમ.એ. દ્વિતીય વર્ષ યુનિવર્સિટીમાં પ્રથમ ૧૯૯૧ (૬૬.૦૦) ગોલ્ડમેડલ
- પી.એચ.ડી. (૨૨-૪-૧૯૯૮) (વિષય : ચંદ્રકાન્ત બક્ષી એક અધ્યયન)
- પી.જી. ટીચર ૧૯૯૬ થી...
- પીએચ.ડી માર્ગદર્શક ૨૦૦૪ થી...

(૪) શૈક્ષણિક અનુભવ :

- તા. ૦૧-૦૮-૧૯૯૧ કે.સી. શેઠ આર્ટસ કોલેજ, બીરપુર. તા. બાલાસિનોર ગુજરાતી વિષયના વ્યાખ્યાતા
- આર્ટસ કોલેજ-બાલાસિનોરમાં ૧૯૯૬ થી ૨૦૦૧ સુધી પી.જી. ટીચર.
- તા. ૧૮-૭-૨૦૦૨ થી ૧૦-૧૧-૨૦૦૫ સુધી આર્ટસ કોલેજ વડાલીમાં આચાર્ય
- તા. ૧૧-૧૧-૨૦૦૫ થી ૧૫-૭-૨૦૧૧ સુધી આર્ટસ કોલેજ, મોડાસામાં આચાર્ય

(૫) સર્જન અને વિવેચન :

- કવિતા - નવલકથા - વિવેચનનાં પુસ્તકો પ્રગટ થયેલાં.
- શિક્ષણનાં સંપાદનો પ્રગટ થયેલાં.

(૬) માર્ગદર્શન : પીએચ.ડી.ના માર્ગદર્શક તરીકે ૭ વર્ષનો અનુભવ

- બે વિદ્યાર્થીઓ પીએચ.ડી. થયા - બે વિદ્યાર્થીઓ કાર્યરત.

(૭) લેખો - પરિસંવાદો - કાર્યશિબિરો અને અધિવેશનો :

- ૨૫ થી વધુ સમીક્ષા લેખો પ્રગટ
- ૨૦ જેટલા પરિસંવાદોમાં પેપર વાચન
- ૨૫ થી વધુ કાર્યશિબિરોનું આયોજન અને સંચાલન
- ૪૦ થી વધુ પરિસંવાદોમાં હાજરી
- શૈક્ષણિક સંસ્થાઓમાં ૨૦૦ થી વધુ વ્યાખ્યાનો

(૮) શિક્ષણ : ઉચ્ચશિક્ષણના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં સક્રિય ભાગ લીધો.

- ઉચ્ચશિક્ષણના સેમિનારોમાં વકતવ્યો આપ્યાં.
- ગુજરાતભરની ૨૦૦ થી વધુ શાળા-કોલેજોના વાર્ષિકોત્સવોમાં મુખ્ય મહેમાન તરીકે હાજર રહી વકતવ્યો આપ્યાં.
- શ્યામજીકૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના પ્રથમ સ્થાપના દિવસે અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહી ઉચ્ચશિક્ષણ વિશે વિચારો રજૂ કર્યા.
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના એમ.ફીલ. અને પીએચ.ડી.ના પરીક્ષક
- હેમ. ઉ.ગુ. યુનિવર્સિટીમાં અભ્યાસ સમિતિ અને વિવિધ સમિતિઓમાં કામ કર્યું.
- ૨૦ થી વધુ જિલ્લા કક્ષાના પ્રાથમિક અને માધ્યમિક શિક્ષક સંઘના અધિવેશનોમાં મુખ્ય વકતા તરીકે શિક્ષણ વિષયક વિચારો રજૂ કર્યા.
- રાજયકક્ષાના વહીવટી કર્મચારી મંડળના અધિવેશનમાં અંબાજી ખાતે વકતવ્ય આપ્યું.
- વિદ્યાર્થીઓની સંસ્કારલક્ષી અનેક પ્રવૃત્તિઓનું આયોજન કર્યું.
- ગુજરાતના પ્રથમ દસ તેજસ્વી તારલાઓનું ૨૦૦૯માં અમદાવાદ ઠાકોરભાઈ હોલ ખાતે સન્માન સમારંભમાં મુખ્ય મહેમાન પદ શોભાવ્યું.

(૯) અન્ય : ગુજરાત સરકારના 'બેટી બચાવો' અભિયાન અંતર્ગત જિલ્લા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સેમિનારમાં મુખ્ય મહેમાન તરીકે વકતવ્ય આપ્યું.

- ઈન્ડીયન મેડીકલ એસોસિએશનની મહેસાણા બ્રાન્ચના વાર્ષિક સંમેલનમાં 'કર્મ' અને 'ધર્મ' વિષય પર વકતવ્ય આપ્યું.
- ઈન્ડીયન મેડીકલ એસોસિએશનની હિંમતગર બ્રાન્ચમાં 'બેટી બચાવો' કાર્યક્રમનું આયોજન અને સંચાલન ગૃહમંત્રી મા. શ્રી પ્રફુલ્લભાઈ પટેલની અધ્યક્ષતામાં કર્યું.
- રોટરી કલબ અમદાવાદમાં 'સુખનું સરનામું' વિષય પર વર્ષ ૨૦૧૧માં વકતવ્ય આપ્યું.
- કર્મયોગી તાલીમ શિબિરોમાં વકતવ્યો આપ્યાં.
- ગુજરાત સાહિત્ય પરિષદમાં સક્રિય
- જી.પી.એસ.સી.ના પરીક્ષક તરીકે કામ કર્યું.
- ૫૦ થી વધુ કવિસંમેલનોમાં કાવ્યપાઠ
- ગામડાઓમાં ગુજરાતી સાહિત્યના પ્રચાર પ્રસારનું કામ.
- સામાજિક, સાંસ્કૃતિ-વિદ્યાર્થીલક્ષી પ્રવૃત્તિઓમાં ઉંડો રસ અને સક્રિય કાર્ય.
- ગુજરાત સાહિત્ય પરિષદ 'જ્ઞાનસત્ર'નું ૨૦૧૦માં મોડાસા ખાતે આયોજન કર્યું.
- 'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત ગુજરાતભરમાં વિવિધ શાળા-કોલેજોમાં વાંચનના મહત્વ વિશે વ્યાખ્યાનો આપ્યાં
- કવિશ્રી ઉમાશંકર જોશી શતાબ્દિ વંદના કાર્યક્રમનો આરંભ તેમના વતન ભીલોડા-બામણાથી કર્યો તેમાં અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહી આ મૂર્ધન્ય સર્જકના સાહિત્ય અર્પણ વિશે વકતવ્ય આપ્યું.
- દૂરદર્શન પરથી રજૂ થયેલ કવિસંમેલનોમાં ભાગ લીધો.
- દૂરદર્શન પરથી રજૂ થયેલ નાટકોમાં ભાગ લીધો.
- દૂરદર્શન પરથી "મારી પરિક્રમા" શ્રેણી પ્રસારિત થઈ.
- આકાશવાણી પરથી "મારાં કાવ્યો" જાણીતા ગાયકોના કંઠે રજૂ થયાં.
- વિવિધ સામયિકો, પુસ્તકો, વર્તમાનપત્રોમાં કાવ્યો, વાર્તાઓ, લેખો પ્રસિધ્ધ થયા.
- નવજીવન દૈનિકપત્રમાં પત્રનવલ 'મને ભીંજવે તું' હપ્તાવાર પ્રસિધ્ધ થઈ.
- અંગત લાયબ્રેરીમાં ૧૫૦૦ થી વધારે પુસ્તકો.

**(૧૦)** શિક્ષણ વિષયક પુસ્તક પ્રકાશન :

૧ 'શિક્ષણનું સત્ય' સંપાદન, ૨૦૦૮.
૨ 'કેળવણીનો કોયડો'. ડૉ. મોતીભાઈ પટેલના શિક્ષણવિષયક વિચારોનું સંપાદન, ૨૦૦૯
૩ 'વિદ્યાની વ્યથા કથા' સંપાદન, ૨૦૦૯
૪ 'શિક્ષણના પ્રવાહો' સંપાદન, ૨૦૦૯
૫ 'શિક્ષણ : ચિંતા અને ચિંતન' સંપાદન, ૨૦૦૯
૬ 'વિદ્યાવિચાર' સંપાદન, ૨૦૧૧ હે.ઉ.ગુ.યુનિ.ના કુલપતિશ્રીઓના શિક્ષણ વિષયક વિચારોનું સંપાદન જેનું વિમોચન ગુજરાતના રાજ્યપાલ મહામહિમ શ્રીમતી ડૉ. કમલા બેનીવાલના શુભ હસ્તે થયું.
૭ 'વિદ્યાવિહાર' શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિકના શિક્ષણ વિષયક વિચારોનું સંપાદન, ૨૦૧૧
૮ 'છંદ અને અલંકાર' : ૧૯૯૬
૯ 'રતિરાગની વાર્તાઓ' સંપાદન : ૧૯૯૯
૧૦ 'ગુજરાતી સોનેટ' સંપાદન : ૨૦૦૦
૧૧ 'ચંદ્રકાન્ત બક્ષીની સાહિત્યસૃષ્ટિ' વિવેચન : ૨૦૦૧
૧૨ 'મને ભીંજવે તું' નવલકથા : ૨૦૦૫
૧૩ 'તમને મારા સમ' નવલકથા : ૨૦૦૫
૧૪ 'નાનો માણસ મોટી વાત' સંપાદન : ૨૦૦૯
૧૫ 'હંસા તો મોટી ચૂગે' સંપાદન : ૨૦૧૦
૧૬ 'અક્ષરલોક' વિવેચનસંગ્રહ : ૨૦૧૦
૧૭ 'માણસ નામે ટહુકો' ડૉ. શરદ ઠાકરની વાર્તાઓનું સંપાદન : ૨૦૧૧
૧૮ 'સાત દરિયા સ્નેહના' ડૉ. શરદ ઠાકરની વાર્તાઓનું સંપાદન, ૨૦૧૧.
૧૯ 'શબ્દાંચલ' સંપાદન, ૨૦૧૧ ઉત્તર ગુજરાતના સાહિત્યકારો વિષેનો પરિચયાત્મક ગ્રંથ જેનું વિમોચન પાટણ ખાતે જાણીતા અભિનેતા ઉપેન્દ્ર ત્રિવેદીના હસ્તે થયું.
૨૦ 'સુખ દુઃખ મનમાં ન આણીએ'. સંપાદન, ૨૦૧૧.

- જિલ્લા કક્ષાના અનેક કાર્યક્રમોનું સંચાલન કર્યું.
- સાહિત્ય સંગમ અને સાંસ્કૃતિક વિકાસ મંડળ બાલાસિનોરના મંત્રી.
- વિવિધ સાહિત્યિક, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ સાથે ઘનિષ્ટ રીતે સંલગ્ન.
- પત્રકારત્વ, પ્રવાસ અને લોકશિક્ષણમાં ઊંડો રસ.
- ગુજરાતી ભાષા સાહિત્યના અધ્યયન અધ્યાપનની ગુજરાતમાં પ્રવૃત્તિઓ કરતી વિદ્યાર્થીલક્ષી "સન્નિધાન" નામની જાણીતી સંસ્થામાં સક્રિય
- કેળવણી પરિષદના સભ્ય.
- રાજ્ય કક્ષાની માતૃભાષા સંવર્ધન સમિતિના સભ્ય.
- ગુજરાત તથા અન્ય રાજયોની શિક્ષણ વિષયક ખાનગી કામગીરી સાથે સંલગ્ન

(૧૧) પુરસ્કાર : ગુજરાતી વિષયમાં બી.એ.માં પ્રથમ આવવા બદલ ઉમાશંકર જોશી સુવર્ણચંદ્રક


- ગુજરાતી વિષય સાથે એમ.એ. માં પ્રથમ આવવા બદલ સ્વ. જ.કા. પટેલ સુવર્ણચંદ્રક
- "તડપ" નવલકથાને સાહિત્ય ગુર્જરી ધ્વારા રૂા. ૫૦૦૦/- નો રોકડ પુરસ્કાર
- વિવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ કરવા બદલ પ્રતિ વર્ષ એનાયત કરવામાં આવતો શ્રી અશોક હર્ષ સુવર્ણ ચંદ્રક વર્ષ ૧૯૮૭ માટે
- સ.પ. યુનિવર્સિટીમાં યોજાયેલ આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ આવવા બદલ શ્રી ભાઈકાકા શિલ્ડ વર્ષ ૧૯૮૯.

(૧૨) સાહિત્ય વિષયક પુસ્તક પ્રકાશન :

- 'તડપ' નવલકથા, ૧૯૮૬
- 'વેદના' કાવ્ય સંગ્રહ, ૧૯૮૭
- 'કવિ પ્રિતમ' વિવેચન, ૧૯૮૯
- 'સાહિત્યકાર યોગેશ શાહ' વિવેચન, ૧૯૯૨
- 'સાહિત્યનો આસ્વાદ' સંપાદન, ૧૯૯૨
- 'ગુજરાતી કવિતા' સંપાદન, ૧૯૯૩
- 'ભૂપેશ અધ્વર્યુ વ્યકિત અને સર્જક' સંપાદન, ૧૯૯૩
- 'એઈડસ' : ૧૯૯૫

**(બી.જે. અંકુયા)**

## Appointment



Dr. Gaurav Shah, Coordinator of M.Sc. Biotechnology Course at University Campus has been appointed as committee member of Entrepreneur Development Cell (EDC) in Southern Gujarat Chamber of Commerce and Industry (SGCCI) for the year 2011-2012. His major role will be to promote Entrepreneurship in Biotechnology.

## TCS Campus Drive




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ વખત સ્નાતક વિદ્યાર્થીઓ માટે (campus Interview નો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો જેનું સંચાલન આંકડાશાસ્ત્ર વિભાગ દ્વારા કરવામાં આવ્યું. આ Campus drive માટે છેલ્લાં ૩ વર્ષ દરમ્યાન સ્નાતક થયેલ વિદ્યાર્થીઓમાંથી ૧૦૪૬ વિદ્યાર્થીઓએ Online Registration કરેલ, જેમાંથી ૪૫૨ વિદ્યાર્થીઓ તા. ૧૬-૦૭-૨૦૧૧ શનિવારના રોજ હાજર રહેલ. આ કાર્યક્રમમાં TCS તરફથી શ્રી સંજય ભાલવાલ, શ્રી રાહુલ શાહ, શ્રી દેવેશ પરીખ સહિત આઠ વ્યકિતઓની ટીમ આવેલ હતી.

Interview ના પ્રથમ તબકકાની પરીક્ષામાં ૩૫૦ વિદ્યાર્થીઓ બેઠા હતા, જેમાંથી ૧૪૦ વિદ્યાર્થીઓ સફળ થયા હતા. પરંતુ તેમાં લગભગ ૯૦ જેટલા વિદ્યાર્થીઓ એમ.એસ.સી. (આઈ.ટી.)ના વિદ્યાર્થી હતા. જેઓ TCSની જરૂરિયાત મુજબ ૧૮-૦૭-૨૦૧૧થી ૨૦-૦૭-૨૦૧૧ દરમ્યાન નોકરી પણ હાજર થઈ શકે તેમ ન હતા, ૬ વિદ્યાર્થીઓ સુરતની બહાર જવા તૈયાર ન હતા, ૪ વિદ્યાર્થીઓ હાલ ટી.વાય.માં અભ્યાસ કરે છે તથા ૪ વિદ્યાર્થીઓ જે નોકરીમાં છે. ત્યાં વધુ પગાર મળતો હોવાથી તેઓની પસંદગી થઈ શકેલ નહીં. બાકીના વિદ્યાર્થીઓમાંથી મોટાભાગના વિદ્યાર્થીઓની Communication skill ખુબ જ નબળી પૂરવાર થઈ તેથી માત્ર છ વિદ્યાર્થીઓની પસંદગી કરેલ જેમાંથી ૨ વિદ્યાર્થીઓને Training માટેનો Invitation letter આપી દીધેલ છે ૪ વિદ્યાર્થીઓના Reassessment નું પરિણામ બાકી છે તેની તથા બાકીના ઈ∞ પર રાખેલ છે. જો તેમનું Result positive હશે તો તેમને પણ TCS તરફથી Training માટેનો Invitation letter મોકલવામાં આવશે.

આ કાર્યક્રમ અંગે ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે આ પ્રયોગ કેટલો સફળ રહયો તેનું ખરું ચિત્ર લગભગ ૨૦ દિવસ પછી સ્પષ્ટ થશે કારણ કે જે વિદ્યાર્થીઓ ૧૬-૦૭-૨૦૧૧ના રોજ ઈન્ટરવ્યુંમાં હાજર નથી રહયા તથા ૧૭૨ વિદ્યાર્થીઓ કે જેમણે Spot Registration માં પોતાના CV જમા કરાવેલ છે તેમને TCS, બરોડા ઓફિસ પર ઈન્ટરવ્યુ માટે બોલાવશે અને તેમાંથી જેમનું Selection થશે તેની જાણ યુનિવર્સિટીને કરવામાં આવશે.

આ પ્રકારનો યુનિવર્સિટીનો પ્રથમ પ્રયોગ હતો જેમાં ખાસ નોંધનીય બાબત તથા ચેતવણી સ્વરૂપ બાબત એ બહાર આવી છે કે આપણા વિદ્યાર્થીઓનું વિષયલક્ષી જ્ઞાન સારું હતું પરંતુ Communication Skill/Soft Skills બહુ જ નબળી હતી. જેને વિકસિત કરવામાં આવે તો તેમનું ભવિષ્ય ઘણું ઉજળું બનાવી શકાય તેમ છે. આ કાર્યક્રમના સફળ સંચાલનમાં વિભાગીય વડા પ્રો. આર.ડી. પટેલ, એસોસીએટ પ્રોફેસર ડૉ. આરતી રાજયગુરુ, તમામ ગેસ્ટ ફેકલ્ટીઝ, તમામ અનુસ્નાતક વિદ્યાર્થીઓ તેમજ તમામ સંશોધન વિદ્યાર્થીઓએ સંપૂર્ણ યોગદાન આપેલ છે.

## Conference



Dr. Mahesh P. Dey, Associate Professor, participated in an International Conference held at Ryerson University, Canada from May 23-26, 2011 and presented his research paper titled "Colonial Post and Post Colonial Present : History, Memory and Identity in Cyril Dabydene's Poetry."

Then he participated in an international summer institute on Digitization Fundamentals and Their Applications" held at the University of Victoria, BC, Canada from June 4-10, 2011. Lastly he participated in a multi disciplinary conference titled "Engaging India" held at Carleton University, Ottawa, Canada from June 17-18, 2011. He also presented his research paper titled "Multi culturalism and National Identity in Canada and India : A Comparative Analysis" in the above conference organized by SICI, Calgary, Canada.

## પ્રતિસાદ

Hon'ble Vice Chancellor,
Veer Narmad South Gujarat University,
Udhna Magdalla Road, Surat-395 007.

Dear Sir,

I thank you on the behalf of Bharatiya Vidya Bhavan for sending two copies of book "Society and Literature: Narmad in Critical Discourse" : Rakesh Desai. This is indeed a great project to translate and put in to English Narmad's critical writings.

Munshiji referred Narmad as arvaachinaman Aadya in his book. You have included both Munshiji and Lilavatiben. I have gone through and found that book consist wide range of critical writings from Sudharak Yug to Anu gandhi Yug. It gives a brief portrait of Veer Narmad. This book would give a sketch of nineteenth century renaissance in contest of a social reformer and litterateur of Gujarat.

This book would definitely enrich our library. My hearty congratulation and best wishes for future projects.

Dipak Doshi, Editor 'Navneet Samarpan'

## મુલાકાત




નવસારી કૃષિ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સ્નાતક ડિગ્રી મેળવ્યા બાદ કૃષિ તાંત્રિકતાથી સુસજ્જ બનાવવા સાથે કૃષિ તથા તેના સંલગ્ન ક્ષેત્રે અનુભવ મેળવે અને દ્દઢ મનોબળ અને નિષ્ઠાથી કૃષિક સમાજની સેવા કરી, દેશના ખેત ઉત્પાદન વધારવાનાં કાર્યમાં વધુ ઉપયોગી બની રહે તે ઉદ્દેશથી B.Sc. (Agri) Sem-VII ના બાવન વિદ્યાર્થીઓ તા. ૨૫-૦૭-૨૦૧૧ ના રોજ RAWEP (Rural

Agrigultural Work Experience Programme) અંતર્ગત યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગની મુલાકાતે આવ્યા હતા.

આ મુલાકાત દરમ્યાન આ વિદ્યાર્થીઓ માટે વિભાગે ૪ ખાસ વ્યાખ્યાનોની વ્યવસ્થા કરી હતી. જેમાં ૧. ડૉ. આરતી જે. રાજયગુરૂ (વિષય : Before using any Statistical techniques.) ૨. ડૉ. આર. ડી. પટેલ, (વિષય : Applications of LLP to Agricultural problems.), ૩. ડૉ. સી. અશોક (વિષય : Applications of statistics to agricultural and in general to all other fields.), ૪. મોનીકાબેન શાહ, (વિષય : Use of Statistical softwares in agriculture.) પર વ્યાખ્યાન આપ્યાં હતાં. નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી વિદ્યાર્થીઓની સાથે ડૉ. જયેશ દેસાઈ તથા શ્રી જયંતીભાઈ પટેલે પણ વિભાગની મુલાકાત લીધેલ હતી.

## UGC-NET



યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના આસી. પ્રોફે. શ્રીમતિ રેખા એન. મિસ્ત્રીએ ડિસેમ્બર ૨૦૧૦માં UGC દ્વારા લેવાયેલ NET પરીક્ષા સોશ્યલ વર્ક વિષયમાં ઉત્તીર્ણ કરેલ છે. અભિનંદન

# કોલેજ ન્યૂઝ

## ઊજવણી

તા. ૧૫-૭-૨૦૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન માંગરોલ ખાતે ગુરૂપૂર્ણિમા દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ દિન નિમિત્તે સૌપ્રથમ સર્વ ગુરૂજનોનું તિલક અને પુષ્પગુચ્છથી સ્વાગત અને સન્નમાન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી મનોજભાઈ રામીએ ગુરૂના મહાત્મ્ય વિશે વકતવ્ય રજુ કર્યું હતું. ત્યારબાદ તલીમાર્થીઓએ પણ વિવિધ ભજન તેમજ વકતવ્ય રજૂ કરી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

તા. ૧૬-૦૭-૨૦૧૧ના રોજ સી.એન. કોઠારી હોમિયોપેથીક મેડીકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર, વ્યારામાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી ત્યારબાદ દીપ પ્રાગટય કરી એકેડેમિક ઈન્ચાર્જ ડૉ. મહેન્દ્ર કે. બુરડ દ્વારા હોમિયોપેથીના પ્રણેતા ડૉ. હનેમનના ફોટાને હાર અર્પણ કરી વિધિવત રીતે કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો. કોલેજના સ્ટાફનું પુષ્પથી સમાન કરવામાં આવ્યું. કોલેજના પૂર્વ શિક્ષકોના ફોટાને પુષ્પ અર્પણ કરી શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી ત્યારબાદ તમામ પ્રાધ્યાપકોનું વિધિવત અક્ષત કંકુ લગાવી પુષ્પથી સન્માન કરવામાં આવ્યું. આ પ્રસંગ નિમિત્તે દરેક વર્ગના પ્રતિનિધિઓ દ્વારા ગુરૂનો મહીમા તેમજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી અંગે વકતવ્ય રજૂ કરવામાં આવ્યાં. ત્યારબાદ પ્રા. ડૉ. પ્રમોદ પટેલે ગુરૂ અને શિક્ષકની વ્યાખ્યા આપતાં આ પુરક સંબંધોના હકો અને ફરજો વર્ણવ્યા હતા. આચાર્યા ડૉ. જયોતિ રાવે વિદ્યાર્થીઓને ગુરૂ-શિષ્યના સંબંધો ભવિષ્યમાં પણ ઉજ્જવળ થતાં રહે એવી શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. હીમા પંડયા તથા ડૉ. ભાવિન મોદી દ્વારા આચાર્યા ડૉ. જયોતિ રાવના માર્ગદર્શન દ્વારા કરવામાં આવ્યું.

અંકલેશ્વર ખાતે સ્વામીનારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં કોલેજનો સ્થાપના દિન ઉલ્લાસ ભેર ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના સંસ્થાપક પરમ પૂજય ગુરૂવર્ય ગુરૂજી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ સંસ્થાના છેલ્લાં ચાર વર્ષના પરિણામ અને પ્રવૃત્તિઓ બાબતે સંતોષ વ્યકત કરી ભવિષ્યમાં ઉત્કૃષ્ટ અને ગુણવતાસભર શિક્ષકો તૈયાર કરવા શુભેચ્છાઓ પાઠવી હતી. ટ્રસ્ટીશ્રી કિશોરભાઈ પાનસુરિયાએ આ પ્રસંગે કોલેજની ઉત્તરોત્તર પ્રગતિ માટે દિશાસૂચન કર્યું હતું. આ પ્રસંગે તાલીમાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક-પ્રવૃત્તિઓ દ્વારા કોલેજનાં સ્થાપના દિનની ઉજવણીમાં ભાગ લીધો હતો. અંતે કોલેજના ઈ.આચાર્ય શ્રી દિવ્યેશભાઈ પરમારે પોતાનું પ્રાસંગિક ઉદ્‌બોધન આપ્યું હતું.

અંકલેશ્વર ખાતે સ્વામીનારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સંસ્થાપક ગુરૂવર્ય ગુરૂજી નારાયવસ્વરૂપ દાસજી અને કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજી તથા ટ્રસ્ટી શ્રી કિશોરભાઈ પાનસુરિયાએ પ્રેરક હાજરી આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના રજૂ કર્યા બાદ મેનેજીંગ ટ્રસ્ટી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ દિપ પ્રાગટય દ્વારા કાર્યક્રમની શરૂઆત કરી હતી. આચાર્ય દિવ્યેશભાઈ તથા અધ્યાપક ગણ અને તાલીમાર્થીઓ દ્વારા શાલ અને પુષ્પગુચ્છ દ્વારા ગુરૂનું સ્વાગત કરી આશીર્વાદ મેળવ્યા હતા. પૂજય ગુરૂજીએ જીવનમાં ગુરૂજીનું મહત્ત્વ સમજાવી અધ્યાપકો અને તાલીમાર્થીઓને આશિર્વચન પાઠવ્યા હતા. પ્રશિક્ષણાર્થીઓએ ખૂબ જ મહેનત અને ઉલ્લાસપૂર્વક જીવનમાં ગુરૂનું મહત્વ વકતૃત્વ, ભજન સ્પર્ધા, અને નાટક સ્પર્ધામાં ભાગ લીધો હતો. વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ-તાલીમાર્થી મન્સુરી રેહાનાબાનું, ભજન સ્પર્ધામાં પ્રથમ-પટેલ અંકિતા અને નાટક સ્પર્ધામાં તાલીમાર્થી રાજ મિત્તલ, પરમાર ધર્મેન્દ્રએ શ્રેષ્ઠ અભિનય ભજવ્યો હતો. અંતે આચાર્ય દિવ્યેશભાઈ પરમારે પ્રસંગને અનુરૂપ ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી મોદી રીનલ અને માલાણી પાયલે કર્યું હતું. આભાર વિધિ મન્સુરી રેહાનાબાનુએ કરી હતી.

શ્રીમતી જી.એન. પંડયા બી.એડ્. કોલેજ, ભેસ્તાનમાં વ્યાસપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. જેમાં તાલીમાર્થીઓએ ભજન, વકતવ્ય, ગીત, દોહા, ગુરૂવંદના દ્વારા ગુરૂમહિમાનું મહત્વ સમજાવ્યું હતું. ગુરૂપૂર્ણિમા નિમિત્તે ઈન્ચાર્જ આચાર્યાશ્રી કુ. બિન્નીબેન મહેતા તથા પ્રાધ્યાપક ગણે તાલીમાર્થીઓને ઉત્તમ ગુરુ બનવાના આર્શીવચનો પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની ભટનાગર કાનનબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

## GSLET-NET



State Level Eligibility Test, 24th October, 2010 તથા UGC, 26th December, 2010ના રોજ આયોજિત પરીક્ષામાં ભગવાન મહાવીર કોલેજ ઓફ એજયુકેશન (એમ.એડ.) સુરતના શ્રી રાકેશ આર. રાઠોડ શિક્ષણ વિદ્યાશાખામાં ઉત્તીર્ણ થયા છે. અભિનંદન

## વ્યાખ્યાન

તા. ૧૪-૭-૧૧ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલમાં ગુરૂપૂર્ણિમા દિન વિશે વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂપૂર્ણિમા દિન અને ગુરૂનો મહિમા આપી કેશવભાઈ આણેરાવે વકતવ્ય રજૂ કર્યું હતું.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં શ્રી પ્રેમલભાઈ ધીરે "વ્યકિતત્વ વિકાસ" વિષય પર પોતાના વિચારો આગવી શૈલી, પ્રવૃત્તિ અને પ્રસંગો દ્વારા રજૂ કરીને તાલીમાર્થીઓને વ્યકિતત્વ વિકાસ કેવી રીતે કરવો તે અંગે અગત્યનું માર્ગદર્શન આપ્યું હતું. અંતે આભારવિધિ પ્રા. ડૉ. પારૂલબેન નાયકે કરી હતી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય




**ગુજરાતની મહિલા શકિત સામર્થ્યનું સ્મરણ : સ્વાવલંબન અને સ્વાભિમાનની સ્વર્ણિમ યાત્રા.** સંપાદક : વિષ્ણુ પંડયા. પ્રકાશક : મહિલા અને બાળવિકાસ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર. પ્રકાશન વર્ષ : ૨૦૧૧. પૃ. ૧૯૬

ગુજરાતની સ્થાપનાની સુવર્ણ જયતી વર્ષ નિમિત્તે ગુજરાત સરકારે અનેક પ્રકારના પ્રકલ્પો હાથ ધર્યા અને અનેક પ્રકારના પ્રકાશનો પણ સાહિત્ય જગતને પ્રાપ્ત થયાં. 'વાંચે ગુજરાત'માં અનેક ગુજરાતીઓ ઉત્સાહભરે જોડાયા. આ ગ્રંથ થકી પ્રકાશકે નારી શકિતનું સન્માન કર્યું છે. આ ગ્રંથમાં વિવિધ ક્ષેત્રોની યશસ્વી મહિલાઓની માહિતી એકત્રિત કરીને પસંદગી કરીને ગ્રંથમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં મુખ્યત્વે ૧૯૬૦થી અત્યાર સુધી સક્રિય એવાં વ્યકિતત્વોનું ટૂંકમાં જીવન ઝરમર અને તેમની ઉપલબ્ધિઓનું આલેખન કરવામાં આવેલ છે. આ ગ્રંથમાં સમાવેશ પામતી નારી શકિત સિવાય અન્ય ઘણાં તેજ-નક્ષત્રો આપણી આસપાસ પણ જોવા મળે છે. સંપાદક દર્શાવે છે કે "ગુજરાતમાં પહોંચેલી સરસ્વતી, તાપ્તી, નર્મદા, સાભ્રમતી (સાબરમતી) કેવળ નદીઓ નથી, પૌરાણિક નારીકથાનો એ પર્યાય છે."

પ્રસ્તુત સંદર્ભગ્રંથના વિવિધ વિભાગો પૈકી અધ્યાત્મમાં કનકેશ્વરી દેવી, આરોગ્યમાં ડૉ. વિકાસબહેન દેસાઈ, ડૉ. સૌદામિનીબહેન પંડયા, ઈતિહાસમાં પ્રો. ડૉ. શિરીન મહેતા, ઉદ્યોગમાં ઉલ્હાસબહેન ઝવેરી, કલ્પનાબહેન અમીન, સુમીતબહેન મોરારજી, કૃષિમાં અજમાબહેન ચૌધરી, શિલ્પાબહેન ભૂવા, ચિત્રકલામાં ઉર્મિબહેન પરીખ, તસવીર/સંપાદન/શિલ્પકળામાં જસુબહેન શિલ્પી, હોમાઈ વ્યારાવાલા, ડૉ. સરયૂબહેન દોશી, ન્યાયતંત્રમાં સુજ્ઞાબહેન ભટ્ટ, નૃત્યમાં કુમુદિનીબહેન લાખિયા, દર્શનાબહેન ઝવેરી, મૃણાલિની સારાભાઈ, પર્વતારોહણમાં નંદિનીબહેન પંડયા, પશુપાલનમાં માલતીબહેન ચૌધરી, પ્રશાસનમાં ડૉ. અમૃતાબહેન પટેલ, વિજયાલક્ષ્મીબહેન શેઠ, રમત-ગમતમાં કૃપાલી પટેલ, પારુલ પટેલ, રાજનીતિમાં આયેશાબેગમ શેખ, ઉર્મિલાબહેન ભટ્ટ, હેમાબહેન આચાર્ય, રંગભૂમિ-ફિલ્મમાં ઉર્મિલાબહેન ભટ્ટ, અરુણા ઈરાની, દીના પાઠક, સરિતા જોશી, શિક્ષણમાં અરુણાબહેન દેસાઈ, ઈન્દુમતીબહેન શેઠ, પૂર્ણિમાબહેન પકવાસા, સામાજિક સેવામાં અનુબહેન ઠકકર, ઈલાબહેન ભટ્ટ, ચારુમતીબહેન યોધ્ધા, પુષ્પાબહેન મહેતા, સાહિત્યમાં કુન્દનિકા કાપડિયા, વસુબહેન ભટ્ટ, વિનોદિની નીલકંઠ, સોનલ ગણાત્રા, હંસાબહેન મહેતા, સુરક્ષામાં નીલા પંડિત, સંગીતમાં દિવાળીબહેન ભીલ, વિભાબહેન દેસાઈ, સંશોધન-ચિંતનમાં ડૉ. એસ્થર સોલોમન, સ્વાતંત્ર્ય સંઘર્ષમાં ઉષાબહેન મહેતા, મણિબહેન પટેલ અને હસ્તકલામાં ચંદાબહેન શ્રોફ મળી કુલ ૪૯ વ્યકિત ચરિત્રોને શબ્દદેહ અને ફોટોગ્રાફ સહિત સામેલ કરવામાં આવેલ છે.

આ ગ્રંથને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ, પ્રો. વસુબહેન ત્રિવેદી અને સુનયના તોમરે વધાવ્યો છે. આ ગ્રંથને વધાવતાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દર્શાવે છે કે "ભારતમાં નારીશકિત એ સમાજજીવનની મોટી તાકાત બનેલી છે. આવનાર દિવસોમાં આ શકિતને સામાજિક રૂપમાં પરિવર્તિત કરવી છે. બહેન કુટુંબમાં શકિત બને એ સારી વાત છે, પણ ત્યાં સીમિત રહે એ સારી વાત નથી. આવશ્યકતા એ છે કે આ બહેનોની શકિતનો સમાજજીવનમાં ઉપયોગ થાય અને ઉપયોગ કરવો હશે તો બહેનોને નિર્ણયમાં ભાગીદાર બનાવવી પડશે."

આ સંદર્ભ ગ્રંથ કુલ ૨૩ વિભાગોમાં વિભાજિત હોઈ વાચકને વધુ અનુકૂળ છે. આ ગ્રંથ પ્રથમ દ્રષ્ટિએ જ વાચકને ગમી જાય તેવો છે. નારી રત્નોની ટૂંકી માહિતી અને સાથે નયનરમ્ય અને અલભ્ય ફોટાઓ પણ આપણને ગ્રંથ જોવા પ્રોત્સાહિત કરે છે.

પ્રસ્તુત સંદર્ભગ્રંથના પ્રકાશક ગુજરાત સરકારના મહિલા અને બાળવિકાસ વિભાગ અભિનંદનને પાત્ર ઠરે છે. આ સંદર્ભગ્રંથ ગુજરાતનાં પ્રત્યેક ગ્રંથાલયોમાં ઉપલબ્ધ થવો જરૂરી છે. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

આપણી આસપાસ વિવિધ ક્ષેત્રોનાં ઉજ્જવળ નારી રત્નો નજરે પડે છે. સંપાદકશ્રી પાસેથી આપણે આશા રાખીએ કે વિવિધ વિભાગ અને વિષયનાં નારીરત્નોને અલગ અલગ સંદર્ભગ્રંથમાં આપણી સમક્ષ પ્રસ્તુત કરે.

બી. જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

- કોઈપણ વસ્તુ માગો નહીં, બદલામાં કશાની અપેક્ષા રાખો નહીં. તમારે જે આપવાનું છે, તે તમે આપો. તે તમારી પાસે પાછું આવશે. પણ અત્યારે તમે તેનો વિચાર ન કરો. તે હજારગણું થઈને તમારી પાસે આવશે, પરંતુ તમારું ધ્યાન તેના તરફ લાગેલું ન હોવું જોઈએ. અને તો પણ આપવાની શકિત કેળવો. બસ, આપો અને ત્યાં જ એની સમાપ્તિ ગણો.
- દરેક મહાન કાર્યને ત્રણ અવસ્થાઓમાંથી પસાર થવું પડે છે. વિરોધ, ઉપેક્ષા અને સ્વીકાર.

સ્વામી વિવેકાનંદ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : B J Ankuya, Assistant Librarian**

**Published by : J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com